# ચૂંટણી પ્રચાર અભિયાન ડાયરી – તા.28 મી એપ્રિલ, 2014

અરૂણ જેટલી

(વિપક્ષી નેતા, રાજ્ય સભા)

નરેન્દ્ર મોદી માટે મતદાન કરવું એટલે સમુદ્રમાં ડૂબીને મરી જવું એવા ડૉ. ફારૂક અબ્દુલ્લાના નિવેદનની બધા ઝાટકણી કાઢી રહ્યા છે. તેમનો આવો અભિપ્રાય મોદી પ્રત્યે ડૉ. ફારૂક અબ્દુલ્લાના તિરસ્કારને દર્શાવે છે. ભારત બિનસાંપ્રદાયિક છે અને કોમી રાજકારણ સ્વીકારશે નહીં એવું ફારૂક સાહેબ માને છે તે બરાબર છે.

ભારતમાં બિનસાંપ્રદાયિકતાના ક્ષેત્રે સરિયામ નિષ્ફળતા જોવા મળી હોય એવું ક્યાં બન્યું છે? દેશના વિવિધ ભાગોમાં વિકૃત માનસિકતાને લીધે કમનસીબ બનાવો બન્યા હતા. જો કે, ભારતીય સમાજે સ્થિતિસ્થાપકતા દર્શાવી અને ઝડપથી કટોકટીભરી પરિસ્થિતિમાંથી બહાર આવ્યા. ભારતમાં બિનસાંપ્રદાયિકતાની વ્યાપક નિષ્ફળતાનો નમુનો ફારૂક સાહેબના પોતાના રાજ્ય જમ્મુ-કાશ્મીરની અંદર છે. ભારતના એક સમુદાય, કાશ્મીરી પંડિતોને પોતાના રાજયની બહાર રહેવા જવાની ફરજ પડી છે, તેવું માત્ર કાશ્મીરમાં થયું છે. ભારત કોમી રાજકારણ સ્વીકારતું નથી. ફારૂક સાહેબ એવું કહે કે કાશ્મીરમાં કોમી રાજકારણ સ્વીકારવામાં નહિ આવે તો મને ખુશી થશે. તેઓ એવું કેમ કહેતા નથી કે કાશ્મીરી પંડિતોની પુનઃસ્થાપન માટે જમ્મુ-કાશ્મીરમાં લાલ જાજમ બિછાવીને સ્વાગત કરાશે.

ભારત વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીને મતદાન કરશે તો કોઈએ તેના કારણે દરિયામાં કૂદી પડવાની જરૂર નથી. પરંતુ કાશ્મીરી પંડિતો પોતાના ઘરે પાછા ન જઈ શકે એ બાબત ફારૂક

સાહેબ અને તેમના પક્ષે પસ્તાવાના એક સંકેત તરીકે ડાલ સરોવરમાં ડૂબી મરવા જેવી બાબત છે.

**શ્રીમતી વડેરાનો શબ્દપ્રયોગ**

શ્રીમતી વડેરાએ એવું જાહેર કર્યું છે કે તેઓ કોઈનાથી ભયભીત નથી. તેમણે ભાજપની સરખામણી "ભયગ્રસ્ત ઉંદરો" સાથે કરી છે .

ચૂંટણીમાં ઉમેદવારોને મદદ કરવા કૌટુંબિક સભ્યો હંમેશા હકદાર છે. ઘણા ઉમેદવાર અન્યત્ર પ્રચારમાં અગાઉથી વ્યસ્ત હોય છે. તે વખતે તેમના પરિવારજનો ચૂંટણી કાર્યાલય પહોંચી તેમનો ખાલીપો ભરે છે. આવા સંજોગોમાં પરિવારના સભ્યોએ હંમેશા વિનમ્ર બનવું પડે છે અને રાજકીય કાર્યકરો પર ઘમંડ ચાલતો નથી. તેઓએ રાજકીય હરીફ માટે કોઇ અશોભનીય શબ્દપ્રયોગો ન કરવા એવી સલાહ આપવામાં આવે છે .

શ્રીમતી વડેરાએ તેમની ટિપ્પણીઓથી રાજકીય પ્રવચનની ગરિમામાં ઘટાડો કર્યો છે. તેમણે ઉપયોગમાં લીધેલી ભાષાને બદલે અન્ય ભાષાનો ઉપયોગ કરી શકાયો હોત.

તેમની એ વાત સાચી છે કે કોઈનાથી ભયભીત થવાની જરૂર નથી. માત્ર કાયદાથી જ ડરવું. શ્રીમતી વડેરા હોય કે કોઈપણ ઉચ્ચ હોદ્દાની વ્યક્તિ હોય, કાયદો તેમનાથી સર્વોપરિ છે. કાયદો કોઈને છોડતો નથી. હકીકતમાં તેમણે પોતાના કુટુંબના સભ્યોને ઉંદરો અને સરિસૃપ તરીકે સરખાવવાની જરૂર છે.